## સિવિલ હોસ્પિટલ, અમદાવાદની બ્લડ બેંકમાં લોહીની બોટલો

***15/4/1857 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી**(ખેડબ્રહ્મા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં સ્વૈચ્છિક રક્તદાનમાં લોહીની કેટલી બોટલો એકત્રિત કરવામાં આવી,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં સ્વૈચ્છિક રક્તદાનમાં એકત્રિત કરવામાં આવેલ લોહીની બોટલોની વિગતો નીચે મુજબ છે:

| વર્ષ | સ્વૈચ્છિક રક્તદાનમાં એકત્રિત કરવામાં આવેલ લોહીની બોટલની સંખ્યા | ઉક્ત મેળવેલ લોહીની બોટલોનું રક્તનાં ઘટકોમાં વિભાજન કર્યા બાદ બનેલ બોટલોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૨૨ | ૧૨૯૧૨ | ૨૭૪૫૭ |
| ૨૦૨૩ | ૧૨૩૯૦ | ૨૬૭૧૧ |
| કુલ | ૨૫૩૦૨ | ૫૪૧૬૮ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ બોટલો પૈકી કેટલી બોટલો સરકારી અને ખાનગી હોસ્પિટલોને આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ બોટલો પૈકી નીચે મુજબની બોટલો સરકારી અને ખાનગી હોસ્પિટલોને આપવામાં આવી:

| વર્ષ | સરકારી હોસ્પિટલમાં આપેલ બોટલની સંખ્યા | ખાનગી હોસ્પિટલમાં આપેલ બોટલની સંખ્યા |
|---|---|---|
| ૨૦૨૨ | ૨૬૩૫૮ | ૧૫૨ |
| ૨૦૨૩ | ૨૫૮૦૯ | ૧૨૦ |

(૩) એકત્રિત થયેલ ઉક્ત લોહીની બોટલોમાંથી ઉક્ત વર્ષવાર કેટલી બોટલો કયા કારણોસર નાશ કરવામાં આવી, અને

(૩) એકત્રિત થયેલ ઉક્ત લોહીની બોટલોમાંથી વર્ષવાર નીચે મુજબની બોટલો નાશ કરવામાં આવી:

| વર્ષ | નાશ કરેલ બોટલની સંખ્યા | નાશ કરવાના કારણો |
|---|---|---|
| ૨૦૨૨ | ૯૪૭ | સંક્રમીત થવાના તથા અન્ય કારણોસર |
| ૨૦૨૩ | ૭૮૨ | |

(૪) એકત્રિત થયેલ લોહીનો નાશ ન કરવો પડે તે માટે શા પગલા લેવામાં આવ્યા?

(૪)
- જે બોટલોની એકસપાયરી ડેટ નજીકમાં હોય તેવી લોહીની બોટલો પહેલા વપરાશમાં લેવામાં આવે છે.
- લોહીની બોટલનો વધારે જથ્થો હોય ત્યારે અન્ય સ્ટૉરેજ સેન્ટર/બ્લડ બેંકને આપવામાં આવે છે.
- લોહીની બોટલની આરક્ષીત મર્યાદા ૨૪ કલાકથી વધારે રાખવામાં આવતી નથી.
- લોહીની બોટલને સંગ્રહ કરવા માટે રેફ્રીઝરેટરની વ્યવસ્થા તથા જરૂર પડે અન્ય રેફ્રીજરેટરમાં સંગ્રહ કરી શકીયે તેવી સગવડ કરવામાં આવેલ છે.
- પ્લાઝમાં ૨૪ કલાકથી વધુ ગાળામાં ઇસ્યુ ન કરી શકાયેલ હોય તો વિભાગીકરણ કરવામાં આવે છે.
- સંક્રમીત રકતદાતાઓ રકતદાન ન કરે તે માટે ચુસ્તપણે રક્તદાતાની યોગ્ય ચકાસણી કરવામાં આવે છે.
- લોહીના દરેક ઘટકોને તેના જરૂરી તાપમાન પર સંગ્રહ કરવા માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

------------------